BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# સીટી કાઉન્સિલે બ્રેમ્પટનમાં ટુરિઝમ વિસ્તરણ માટે નવી કાર્યવાહી યોજનાને મંજૂરી આપી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (એપ્રિલ 22, 2021) – ગઇકાલે, સીટી કાઉન્સિલે પંચવર્ષીય ટુરિઝમ વ્યૂહરચનાને મંજૂરી આપી જે બ્રેમ્પટનને ટુરિઝમ સ્થળ બનાવવાનો, સ્થાનિક અર્થતંત્ર વિસ્તારવાનો અને વૃદ્ધિ કરવાનો, અને રહેવાસીઓ વચ્ચે સ્થળનું ગૌરવ વધારવાનો હેતુ ધરાવે છે.

બેન્નિકિન ટ્રાવેલ એન્ડ ટુરિઝમ અને કલિનરી ટુરિઝમ એલાયન્સ સાથે મળીને બનાવેલી ટુરિઝમની વ્યૂહરચનાથી કળા અને સંસ્કૃતિ; ખાદ્યપદાર્થો સંબંધિત પ્રવાસન; ખાસ પ્રસંગો; અને, નાગરિકોમાં ગૌરવ ઊભું કરવામાં અને મુલાકાતીઓને આકર્ષવામાં બ્રેમ્પટન શ્રેષ્ઠ સ્થળ તરીકે ઊભરતા સ્પોર્ટ ટુરિઝમને ઓળખ મળી છે.

ટુરિઝમ ઈન્ડસ્ટ્રી એસોસિએશન ઓફ ઓન્ટેરિયો પ્રમાણે, COVID મહામારી પહેલાં, ઓન્ટેરિયોમાં ખેતીવાડી, વનીકરણ અને ખાણકામના સંયુક્ત ફાળા કરતા ટુરિઝમનો આર્થિક ફાળો વધારે હતો. બ્રેમ્પટનને ટુરિઝમ સ્થળ તરીકે વિકસાવવાથી સ્થાનિક અર્થતંત્રને COVID-19 માંથી રિકવર કરવામાં સહાયતા થશે, જ્યારે રહેવાસીઓ શહેરની પ્રશંસા કરશે.

મહામારીને લગતી આરોગ્ય અને સુરક્ષા માર્ગરેખાઓથી પ્રવાસ અને પર્યટનને લગતા બધાં પહેલુઓ પર અસર પડી છે જેમાં ઉદ્યોગ નિષ્ણાતોની ધારણા અનુસાર આગામી વર્ષો સુધી સ્થાનિક અને અતિ-સ્થાનિક સુધી સીમિત પ્રવાસન પર ધ્યાન આપવું અનિવાર્ય બનશે.

ટુરિઝમ વ્યૂહરચના વિકસાવવામાં પૂરું થયેલું સંશોધન સૂચવે છે કે લોકો હવે ઘરની નજીકમાં નવા અનુભવો શોધે છે અને ગવર્મેન્ટ ઓફ ઓન્ટેરિયોએ તાજેતરમાં પ્રોવિન્સમાં પ્રવાસ માટે ટુરિઝમ ટેક્સ ક્રેડિટની ઘોષણા કરી છે. આ વલણ રહેવાસીઓ, અને શહેરના સૌથી નજીકના પાડોશ માટે પોતાને સુરક્ષિત ટુરિઝમ સ્થળ તરીકે સ્થાપિત કરવું એ સીટી ઓફ બ્રેમ્પટન માટે એક તક ઊભી કરે છે. તેનાથી શહેરની આર્થિક રિકવરી વ્યૂહરચનાના મહત્વના સ્તંભ તરીકે હિતધારકો અને સ્થાનિક અર્થતંત્રનો વિકાસ અને ટેકો માટે ટુરિઝમનો પાયો નખાશે.

**અવતરણો (ક્વૉટ્સ):**

“બ્રેમ્પટન ટુરિઝમ માટે ઉજ્જવળ ભાવિ અને નવા દૂરંદેશીપણું સાથેની એક રચના (મોઝેઇક) છે. ટુરિઝમથી આપણાં ગતિશીલ શહેરના સ્થળો અને અગણિત છુપાયેલા રત્નોને ઉજવી શકાય છે. દેશમાં સૌથી વૈવિધ્યસભર શહેરોમાંના એક તરીકે, સૌ માટે આનંદ માણવાને લાયક સંસ્કૃતિની વિશ્વસનીય અભિવ્યક્તિઓની વિશાળ શ્રેણી છે - જેમાં કળા, ખાદ્યપદાર્થો અને સાંસ્કૃતિક ઉજવણીઓ સામેલ છે. આપણાં સૌંદર્યમય બ્રેમ્પટને આપવા લાયક બધાં સ્થળોનો સુરક્ષિત રીતે આનંદ માણવા આપણે સૌ પરત ફરી શકીએ છીએ તે માટે હું બહુ રોમાંચ અનુભવું છું.

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

“કાઉન્સિલે મંજૂર કરેલી વ્યૂહરચના બ્રેમ્પટનને ટુરિઝમ સ્થળ બનાવવામાં અને આપણાં શહેર માટે વધારે હિંમતવાન ભાવિ બનાવવામાં આગળ ધપાવશે. તે આપણાં દ્વારા આપી શકાતી બધી સવલતોનું પ્રદર્શન કરીને આપણાં રહેવાસીઓ અને ધંધાઓમાં ગૌરવ વધારવામાં મદદરૂપ થશે અને શહેરનું રિઓપનીંગ અને આર્થિક રિકવરીમાં ટુરિઝમથી ભજવી શકાતી ભૂમિકાની તકને પ્રકાશિત કરે છે.”

- *માર્ટિન મૅડીરોસ (Martin Medeiros), રીજીયનલ કાઉન્સિલર, વોર્ડ્સ 3 અને 4; પ્રમુખ, આર્થિક વિકાસ, સીટી ઓફ બ્રેમ્પટન*

“આ ટુરિઝમ વ્યૂહરચના આપણી કાઉન્સિલની *કાઉન્સિલની અગ્રતાની પરિભાષાને અનુરૂપ છે કે બ્રેમ્પટન એક રચના છે* અને તે રહેવાસીઓ અને ધંધાઓની સુખાકારીમાં ફાળો આપે છે. અમે જાણીએ છીએ કે એક સુસંચાલિત ટુરિઝમ અર્થતંત્ર રોજગાર સર્જન, આર્થિક લાભને ટેકો

આપવામાં, તેમજ સગવડો અને માળખાગત સગવડોમાં રોકાણમાં મદદરૂપ થાય છે, જે આપણાં શહેરનો દરરોજ આનંદ માણી શકતા રહેવાસીઓ માટે જીવનની ગુણવત્તા વધારે છે."

- *પૉલ વિસેંટે (Paul Vicente), પ્રાદેશિક કાઉન્સિલર, વોર્ડ્સ 1 અને 5, ઉપાધ્યક્ષ, આર્થિક વિકાસ, સીટી ઓફ બ્રેમ્પટન*

"બ્રેમ્પટનની સંસ્કૃતિ, રાંધણકળા, હરિયાળી જગ્યાઓ અને મનોરંજનલક્ષી સગવડોને આપણાં રહેવાસીઓ ગૌરવપૂર્વક ઘર કહે છે જે બ્રેમ્પટનને ગતિશીલ શહેર બનાવે છે. અમારી નવી ટુરિઝમ વ્યૂહરચના વડે, અમે આ લાક્ષણિકતાઓ બનાવવા અને આપણી સગવડો અને વિસ્તૃત પરિવહન, રમતો અને ખાસ પ્રસંગોની સગવડો જેવી માળખાગત સગવડોમાં અને ટુરિઝમ વિકસાવવામાં મદદરૂપ થતા શહેરી સૌંદર્યકરણમાં વધારે રોકાણ આકર્ષવા કટિબદ્ધ છીએ."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રેમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca